## (1) ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન (DMF) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક ટ્રસ્ટ છે.
(2) ખાણકામની પરવાનગી ધરાવનારને DMFમાં ફાળો આપવો પડે છે.
(3) DMFનો હેતુ ખાણકામના લીધે અસરગ્રસ્ત થયેલાં લોકોની મદદ કરવાનો છે.
(4) DMFને પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાનું અમલીકરણ કરવાનું હોય છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ખાણ અને ખનીજ સુધારા અધિનિયમ, 2015 અંતર્ગત DMF ટ્રસ્ટની સ્થાપના એક બિન– નફાકારી સંસ્થા તરીકે ખાણ મંત્રાલય હેઠળ કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ DMFનો હેતું ખાણકામ તથા તેને સંબંધી પ્રવૃત્તિઓના કારણે અસરગ્રસ્ત થયેલાં લોકોને મદદ કરવાનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ અધિનિયમ અંતર્ગત ખાણકામની પરવાનગી ધરાવનાર લોકોએ DMFમાં ફાળો આપવાનો હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ DMFને કેવી રીતે ચલાવવું તથા તેની અન્ય ક્રિયાઓની સત્તા જે–તે રાજ્ય સરકારની હોય છે.

⇛ DMFને મળેલા ફંડ દ્વારા તેણે 'પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના'નું અમલીકરણ પણ કરવાનું હોય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ‘CTBT’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ Comprehensive Test Ban Treaty છે.
(2) તેના દ્વારા દરેક પ્રકારના નાગરિક તથા સૈન્ય પરમાણુ વિસ્ફોટ બંધ કરવાનું સૂચવવામાં આવ્યું છે.
(3) તે હાલ કાયદાકીય રીતે બાધ્ય છે.
(4) ભારતે આ સંધિ પર હસ્તાક્ષર કરેલા નથી.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ પૈકી એક પણ નહીં

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં યુ.એસ. દ્વારા ચીન તથા રશિયા પર **CTBT**નું ઉલ્લંઘન કરવાના આરોપ લગાવવામાં આવ્યાં છે.

⇛ **CTBT**નું પૂરું નામ **Comprehensive Nuclear Test Ban Treaty** છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ આ એક સંધિ છે કે જેના દ્વારા દરેક પ્રકારના (નાગરિક અને સૈન્ય એમ બન્ને) પરમાણુ વિસ્ફોટ પર પ્રતિબંધ લગાવવાનું સૂચન કરવામાં આવ્યું છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ જ્યારે **'Annex 2'**ના કુલ **44** સભ્યો આ સંધિને અમલી બનાવે ત્યારે જ તે કાયદાકીય રીતે બાધ્ય બને છે. પરંતુ હજુ આ સંધિ અમલમાં નથી કે તે બાધ્ય પણ નથી. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ ભારત, પાકિસ્તાન તથા ઉત્તર કોરિયાએ આ સંધિ પર હજુ સુધી હસ્તાક્ષર કરેલ નથી. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) SIPRIના સૈન્ય ખર્ચના રિપોર્ટ મુજબ નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) રિપોર્ટ મુજબ વિશ્વમાં સૌથી વધુ સૈન્ય ખર્ચ કરવામાં ભારત ત્રીજા ક્રમે છે.
(2) વર્ષ 2018ની સાપેક્ષે વર્ષ 2019માં થયેલાં સૈન્ય ખર્ચમાં ઘટાડો નોંધાયો છે.
(3) ટોચના ત્રણ દેશો વિશ્વના કુલ સૈન્ય ખર્ચનો 62% હિસ્સો ધરાવે છે.
(4) ભારતના સૈન્ય ખર્ચમાં વર્ષ 2019માં 6.8%નો વધારો નોંધાયો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ SIPRI એ વિશ્વમાં વિવિધ દેશો દ્વારા સૈન્ય પાછળ કરવામાં આવતાં ખર્ચ માટેનો રિપોર્ટ બહાર પાડયો છે. SIPRIનું પૂરું નામ Stockholm International Peace Research Institute છે.

⇛ આ રિપોર્ટના મુખ્ય તારણો નીચે મુજબના છે :

- સૈન્ય ખર્ચ કરનાર ટોચના 3 દેશો : (1) યુ.એસ. (2) ચીન (3) ભારત (આથી વિધાન (1) સાચું છે.)
- ટોચના ત્રણ દેશો વિશ્વના કુલ સૈન્ય ખર્ચનો 62% હિસ્સો ધરાવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)
- રિપોર્ટના ઈતિહાસમાં પ્રથમ વખત 2 એશિયાના દેશો ટોચના સ્થાને રહ્યા છે.
- વૈશ્વિક સૈન્ય ખર્ચમાં 2018ની સાપેક્ષે 2019માં 3.6%નો વધારો નોંધાયો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)
- ભારતે 2019માં 71.1 બિલિયન ડોલરનો સૈન્ય ખર્ચ કર્યો છે, જે 2018ની સાપેક્ષે 6.8% વધુ છે. (આથી, વિધાન (4) સાચું છે.)
- યુ.એસ. દ્વારા 732 બિલિયન ડોલરનો સૈન્ય ખર્ચ 2019માં કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) 'હાઈડ્રોજન ફ્યુલ સેલ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેમાં રાસાયણીક પ્રક્રિયા દ્વારા ઈંધણનું વિજળીમાં રૂપાંતર કરવામાં આવે છે.
(2) તેમાં એનોડ પરથી હાઈડ્રોજન અને કેથોડ પરથી ઓક્સિજન પસાર કરવામાં આવે છે.
(3) તેનો મુખ્ય ફાયદો વધુ અસરકારકતા અને નહિવત્ પ્રદૂષણ છે.
(4) તાજેતરમાં NTPC દ્વારા હાઈડ્રોજન ફ્યુલ ધરાવતી બસ તથા કાર લોન્ચ કરવામાં આવેલ છે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં NTPC (National Thermal Power Corporation) દ્વારા હાઈડ્રોજન ફ્યુલ આધારિત બસ તથા કાર દિલ્હી અને લેહમાં લોન્ચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ હાઈડ્રોજન ફ્યુલ સેલમાં રાસાયણીક પ્રક્રિયા દ્વારા હાઈડ્રોજન ઈંધણને વિજળીમાં રૂપાંતર કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ અંતર્ગત હાઈડ્રોજનને એનોડ પરથી અને ઓક્સિજનને કેથોડ પરથી પસાર કરાવવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ હાઈડ્રોજન ફ્યુલ સેલના મુખ્ય ફાયદાઓ : વધુ અસરકારકતા, ખૂબ ઓછાંથી શૂન્ય પ્રદૂષણ, શાંત પ્રક્રિયા અને ઊર્જા સુરક્ષા. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતની પરિવહન સેવાને કાર્બન મુક્ત કરવા માટે NTPC દ્વારા શરૂ કરવામાં આવેલી પહેલ હેઠળ તેણે હાઈડ્રોજન આધારિત બસ તથા કાર લોન્ચ કરેલ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (5) વિશ્વગુરુ બાસવેશ્વરા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે સાતમી સદીના મહાન સમાજ સુધારક હતા.
(2) તેમનો જન્મ કર્ણાટકમાં થયેલો હતો.
(3) તે લિંગાયત સંપ્રદાયના સ્થાપક સંત છે.
(4) તેમણે અરિવુ, આચાર અને અનુભવ આધારિત એક માર્ગ આપેલ હતો.

(A) માત્ર (3)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ડિજિટલ રીતે ભારતમાં તથા વિશ્વમાં બાસવા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

⇛ આ જયંતિ વિશ્વગુરુ બાસવેશ્વરાના જન્મ માટે મનાવવામાં આવે છે.

⇛ તેઓ 12મી સદીના મહાન સમાજ સુધારક તથા તત્ત્વજ્ઞાની હતા. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેમનો જન્મ 1131માં કર્ણાટકના બાગેવાડી ગામમાં થયો હતો તથા તે લિંગાયત સંપ્રદાયના સ્થાપક સંત છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ તેમનો માર્ગ નીચેના 3 નિયમો પર આધારિત હતો.

1. અરિવુ (સાચું જ્ઞાન)
2. આચાર (સાચું વર્તન/આચરણ)
3. અનુભવ (પવિત્ર અનુભવ)

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT